**Vidhyayana - ISSN 2454-8596**

An International Multidisciplinary Peer-Reviewed E-Journal

**www.vidhyayanaejournal.org**

**Indexed in: ROAD & Google Scholar**

# અમરેલીનાં ગાયકવાડી દીવાન શ્રી વિઠ્ઠલરાવ દેવાજી

**ડો. શ્રીમતી નીલાબેન એસ. ઠાકર**

આચાર્ય,

સરકારી આર્ટસ કોલેજ, વાવ (બનાસકાઠા)

સૌરાષ્ટ્રમાં પેશ્વા તેમજ ગાયકવાડો અંગ્રેજ કંપની સાથે સીને મુઘલ બાદશાહોની જેમ ચોથ, સરદેશમુખી, જોરતલલી તેમજ ખંડણીઓના જુદાં જુદાં નામે સૌરાષ્ટ્રનાં દેશી રજવાડા ઓ પાસેથી તલવારની આણીએ મોટી- મોટી રકમો ઉઘરાવાતાં. સૌરાષ્ટ્રને પાયમાલ કરવામાં ગાયકવાડી શાસકોને ઉતેજન અંગ્રેજો એ આપ્યું. એમછતા દેશી રજવાડાંઓથી પ્રજા પોતાનાં, રાજવીઓ કે ભામાતોના તોફાનો ન સુખચેન મેળવી શકતી નહિ. વેઠપ્રથા અને નાકાબંધીના ત્રાસે તેમજ લૂટારાઓ બહારવટિયા અને ઠગોના પંજામાંથી લોકો ફરી શકતાં નહિં.

એવાં સમયે ગાયકવાડ ના સમજદાર સૂબાઓ અને ભલા સ્વભાવનાં કેટલાંક અંગ્રેજ અધિકારીઓનાં શાસન તળે સૌરાષ્ટ્રની પ્રજામાં કયાંક ક્યાંક શાંતિના દર્શન થતા. જેમાં અમરેલીના શ્રી વિઠ્ઠલરાવ દેવાજી નામે દીવાનનું કાર્યકોત્ર ઉત્તમ ગણાતું. અમરેલીની પ્રજા એનાં શાસન-તળે નિર્ભય હતી. એક નાના સંત્રી માંથી દીવાન સુધી પહોંચવામાં વિઠ્ઠલરાવ સફળ રહયાં. કહેવાય છે કે તે સાધુ- સંતોની સેવા કરતાં ત્યારે એક સંન્યાસી એ તેને આશીર્વાદ આપેલાં કે "જા બેટા વિઠુ! તું આગે જા કરદીવાળ બનેગા."

ગાયકવાડ આનંદરાવના મહેલમાં એક હજુરિયા તરીકે બ્રાહમણ ગરીબ છોકરો વિઠુ કામ કરે... ગૌશાળામાં પણ કામ કરે. અને વડોદરાને પાદર ઉતરેલી સાધુની જમાતને દુધ આપી આવે. એમ, ગાયકવાડ સરકારની નોકરી વિઠુ ખૂબ જ પ્રામાણિક્તાથી કરતો. ઘણીવાર ખંડરાવનાં ઘોડાંઓનાં તબેલાએ કામે જતો. વિચક્ષણ બુદ્ધિવાળાં ખંડેરાવ મહારાજા ઘાણીવાર પાટણ જતાં ત્યારે સેવક વિઠુ ને સાથે લઈ જતાં. કડી, પાટણ એમજ અન્ય સ્થળોએ સુબાઓ વિઠુ ને સાથેજ રાખતાં.

વડોદરા રાજયના રાજ્યકર્તાઓ પહેલા 'મત્રે' અટકથી ઓળખાતાં એ રાજવંશના મૂળ પુરષ નંદાજી મહારાષ્ટ્રના ભોર-સંસ્થનાં એક કિલ્લેદાર હતાં. તેમણે ખાટકીનાં હાથમાંથી ગાયોને બચાવી કિલ્લાનાં કમાડ ની આડશ લઈને એમનુ રક્ષણ કર્યું. મરાઠીમાં કમાડને 'કવાડ' કહે છેં. તેથી 'ગાય' અને 'કમાડ' મળી 'ગાયકવાડ' શબ્દ બન્યો અને અગાળ જતાં તે અટકરૂપે પ્રચલિત બન્યો એવી દંતકથા છેં.[1]

ગાયકવાણી સરકારના અમલમાં સૌરાષ્ટ્રનો અમરેલી પ્રાંત ગાયકવાડી શાસકોના તાબામાં હતો. જેનું મુખ્ય મથક વડોદરા હતું. અમરેલીના દીવાન વિઠ્ઠલરાવ દેવાજી ગાયકવાડી શાસક આનંદરાવ અને ખંડેરાવના સમયમાં હતાં.

---

[1] 'આપણાં જ્યોતિધરો' - પૃ ૫૮

**ગાયકવાડી શાસન:**

મોગલ સામ્રાજયની સમાપ્તી વખતે સૌરાષ્ટ્રમાં અંધાધૂંધી અને અવ્યવસ્થા વારંવાર ઉભી થતી હતી. ખંડણી ઉધરાવવા માટે સુલતાનો એ પ્રતિવર્ષે હુમલાઓ કરવા પડેલાં. ખંડણી ઉધરાવવા તેઓ પાસે હુમલાઓ કરવા એ જ એક રસ્તો હતો. મુસલમાનો પછી મરાથાઓનું આગમન થયું. તેઓએ હુમલાઓ ચાલુ રાખેલાં રાજા-રાજાઓ વચ્ચે એકતા ન હતી. દુશ્મન નો દુશ્મન મિત્ર માથી પોતે ન પહોંચી શકે ત્યાં અન્ય પહોંચે ત્યારે દુશ્મન ની શકિત ઘટી તેવું જોઇ ખુશ થવામાં રાજવીઓ માનતાં જે ગેરડહાપણ હતુ.મરાઠાઓ એ સૌરાષ્ટ્રના ખંડથી ઉઘરાવવા કાયમી લશ્કર રાખી દરવર્ષે ચડાઈ કરવાની પધ્ધતિ આપનાવેલી જે 'મુલકગીરી' નામે ઓળખાતી. સૌરાષ્ટ્રને 'કાઠિયાવાડ' નામ પ્રથમવાર મરાઠાઓ થી મળેલું. તેઓએ કાઠીઓ સાથે સંઘર્ષમાં ઉતરવાનું થતું. તેથી કાઠીઓ વસે તે પ્રાંત 'કાઠિયાવાડ' કહેલો. ગુજરાતમાં મરાઠા ઓની શકિતનું મુખ્ય કેન્દ્ર ગાયકવાડી સત્તા નીચે નું વડોદરા રાજ્ય હતું સૌપ્રથમ પેશ્વાના સેનાપતિ ખંડરાવ દાભાડે નામના અત્યંત વિશ્વાસુ સરદારને છત્રપતિ ખંદેરાવ દાભાડે નામનાં અત્યંત વિશ્વાસુ સરદાર ને છત્રપતિ શાહુ એ ગુજરાતમાં 'ચોથ' અને 'સરદેશમુખી' ઉઘરાવવા માટે નિયુક્ત કરેલાં. તેણે ઇ.સ. ૧૭૦૦ થી ૧૭૦૪ દરમ્યાન ગુજરાત ઉપર બે વખત અક્રમણ કરી મુગલ લશ્કરને હરાવવામાં સફળતા મેળવેલી. ઇ.સ. ૧૭૦૫ માં નર્મદા પાર કરી તે ગુજરાત આવેલો. ગુજરાત નો હવાલો તેને સોંપાતાં ઇ.સ.૧૭૦૭ માં ગુજરાત માંથી મહેસુલ લઈને દિલ્હી જતાં ખજાનાને દભાડે એ રસ્તામાં જ લૂંટ્યો. ત્યારે મુઘલ સમ્રાટે ઝૂલ્ફીકાર બેગ ને મોકલ્યો. પરંતુ ત્ર દાભાડે સામે હારી ગયો. દાભાડેની આવી જ્વલંત સફળતા જોઇને કદરરૂપે પેશ્વાએ તેને ગુજરાતનાં સેનાપતિ તરીકે નિયુક્ત કર્યો.(૧)

આ અરસામાં ગાયકવાડનાં પ્રથમ સરદાર દામાજી નો ગુજરાતમાં પ્રવેશ થયો હતો. આ દામાજી એ દાભાડે સાથે નિઝામ સામેનાં બાલાપુરનાં યુધ્ધમાં અત્યંત બહાદૂરી બતાવેલી. આવાં પરાક્રમથી ખુશ થઇ ને શાહૂ એ દામાજી ને 'સમશેર બહાદુર' નો ઇલ્કાબ આપ્યો. અને દાભાડે પછીનુ સ્થાન આપ્યું. (૨) આમ, દામાજી દાભાડેના નાયબ બન્યા. બાલાપુર યુધ્ધ મરાઠાનાં ઉદયમાં સીમાચિહ્ન તરીકે ઓળખાય છે. આ ઘટના ગાયકવાડ કુટુંબનાં ઉદય માટે પરિવર્તન- કારી ગણાય છે.

દામાજી નાં ઇ.સ. ૧૭૨૧ માં મરણબાદ તેમનો ભત્રીજો અને દતકપુત્ર પિલાજીરાવ વારસ બન્યાં. તેણે દામાજીનાં પગલે ગુજરાતમાં આગળ ધપવાનું કામ નક્કી કર્યું. તેણે મુગલોને હરાવીને સોનગઢમાં ગુજરાત ખાતેનું વડુ મથક સ્થાપ્યું હતું. જોતજોતામાં નાંદોદ અને સાગબાર પણ જીત્યાં. આમ, પિલાજીરાવ ગુજરાતમાં મરાઠાસતા સ્થિર કરવામાં સફળ થયાં હતાં.કંથાજી કઠંબ બાંડે સાથે એમને બંડ થયેલ. તેથી સમજૂતી મુજબ મહી નદી નાં દક્ષિણ વિસ્તારમાં ચોથ ઉઘરા-વવાનો અધિકાર પિલાજીરાવને મળ્યો હતો. આ પ્રકારન વહેંચણીથી પિલાજીરાવને વડોદરા મળ્યું.(૩) જે પાછળથી ગાયકવાડની શાસનની ગુજરાત ની રાજધાની બન્યું.

પશ્વાઓની મરાઠા સેનાની મુલકગીરીની આવી ઉઘરાણીની પ્રથમ ચડાઈ સૌરાષ્ટ્રમાં ઈ.સ. ૧૭૨૨માં થઈ. સૌ પ્રથમ શિહોરના ગોહિલ રાજવી ભાવસિંહજી-૧લા પાસે ખંડણી ઉઘરાણી કરી. જેમાં મરાઠાઓને સફળતામળી ન હતી આવી ચડાઇઓ આશરે ઇ.સ. ૧૮૦૭ સુધી ચાલુ રહેલી. ખંડણી ઉઘરાવનાર ગાયકવાડ ના સફળ સેનાપતિ -ઓમાં શિવરામભાઉ ગાર્દી અને બાબાજી આપાજી નાં નામો મોખરે હતાં. ઇ.સ. ૧૭૯૫ માં ૩૦૦૦૦ નાં લશ્કર સાથે ગાર્દી આવેલ. તેને ઇ.સ. 1722માં મળેલી હારનું વેર વાળવાનો ઇરાદો હતો. શિવરામભાઉ વીર ઉપરાંત વિલાસી હતો. તેથી, તેનાં માટે સૌરાષ્ટ્રમાં કહેવત પ્રચલીત હતી.

શિવરામભાઈ ગાર્દી, બે મહિના ને બારદી, ચાલ્યા પછી ચારદી, ઊઠયા પછી આઠ દી(૪)

[એટલે કે જયાં પડાવ નાખે ત્યાં ગમે તેટલાં દિવસ રહીને પણ ખંડણી લીધે જ છૂતકો કરતાં]

ઇ.સ. ૧૮૦૩ થી ૧૮૦૭ દરમ્યાન બાબાજી આપાજી અને શિવરામ ગાર્દી ત્રણવાર મુલકગીરી ચડાઈ કરેલી. ઘણીવારને રકમ વધારે, ક્યારેક ધાકધમકી કે બળનાં જોરે ઉઘરાવે. ઇન્કાર કરનારનો પ્રદેશ ઉજ્જડ કરી નાંખે.

કાયદા મુજબની ખંડણી ઉઘરાવવાaiબદલે પ્રજાને હેરાન કરે. તેની સામે સૌરાષ્ટ્રનાં રાજ્યો સંગઠિત થઈને કદી લડયાં નહિ. જૂનાગઠ ખુબ લડેલું. તેથી ત્યાં ચડાઈ કરવાખું ઘણીવાર માંડી વળાતુ. ખંડણી ઉપરાંત ખરાજાત, ઘાસદાણો, અને પરચુરણ ખર્ચ જેવાં નામોવાળાં કર પણ ઉઘરાવાતાં, મરાઠાઓ પૂરેપૂરી રકમની ખંડણી ઉઘરાવતાં જ. બાબાજી પછી વિઠ્ઠલરાવ દીવાને પણ એ પ્રથા ચાલુ રાખેલી.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

## વિઠ્ઠલરાવ દીવાન પદે અને વોકર કરાર

બાબાજી આપાજી ઇ.સ. ૧૭૯૫માં ગુજરાતમાં આવેલાં [વિઠ્ઠલરાવનાં પિતા] એ ગુજરાતમાં ગાયકવાડનાં પ્રથમ કક્ષાનાં સરદાર મનાતાં. ગુજરાત સૌરાષ્ટ્રમાં તેણે ભારે કામગીરી કરેલી. તે બદલ વડોદરા તાબાનું કરાલી (તા. ડભોઈ) અને નવસારી તાબાનું સોનવાડી (તા. ગણદેવી) ઇ.સ. ૧૮૦૮ માં તેને બક્ષિશ આપવામાં આવેલ.વળી, એની સૌરાષ્ટ્રનાં રજવાડાંઓને આપેલી પ્રબળ સેવાઓ માટે એમાં પુત્ર વિઠ્ઠલરાવનાં નામ પર મોરબી, લખતર અને બાબરામાંથી જુદાં-જુદાં ગામ મળેલાં. લખતરનાં ઠાકોરને સહાય કરેલી એ માટે ત્યાનાં ઝાલા ઠાકોર પૃથુસિંહજી એ વારૂ અને બારપુવાડા બક્ષિસ આપ્યાં હતાં. આમાંથી વારૂ ને 'વિઠ્ઠલગઢ' નામ આપવામાં આવ્યું અને બારપુવાડા નું 'બાબાજીપુરા'. આ ગામોની સીમા ખુબ વિશાળ હોવાથી એમાં બીજાં કલ્યાણપુરા (તા. લખતર) ભાસ્કરપરા (તા. લખતર) જયોતિપુરા (તા. લખતર) એ ગામો એક પછી એક વસાવવામાં આવ્યાં આ રાજા નાં બધાં મળી ૯ ગામ ઝાલાવાડમાં બે ગામ મણરાષ્ટ્રમાં સતારા જિલ્લામાં થયાં. ગાયકવાડની દીવાનગીરી ભોગવી, ઇ.સ. ૧૮૧૧માં બાબાજીનું અવસાન થયે એનાં પુત્ર વિઠ્ઠલરાવ ને ગાયકવાડની દીવાનગીરી મળી હતી.(૫)

વડોદરાનો ખજાનો ખાલી થઈ ગયેલો. સૌરાષ્ટ્ર સિવાય કોઇ અન્ય પ્રદેશમાંથી મનધારી રકમો મળે તેમ હતી નહિ. તેથી 1803 માં ફતેરસિંહરાવ ગાયકવાડે તથા ૧૮૦૪ માં સેનાપતિ બાબાજીએ ધાક અને ડર બેસાડી મોટી રકમો વસૂલ લેવાં મોટાં સૈન્ય સાથે આવી સૌરાષ્ટ્રમાં કંપનીની અનુમતી અને ઉતેજનથી ત્રણ ગણી ખંડણી વસૂલ કરી (૬) ફતેરસિંહરાવ ગાયકવાડ દેરડી ગામે ગયાં ત્યારે હાથી પર બેઠેલાં. ત્યારે જાનબાઈ નામનાં આઈ એ જમીન પરથી જ ઉંચે બેઠેલાં રાજવીને લાંબો હાથ કરી તિલક કરેલું. એ ચમત્કાર જોઈને ગાયકવાડે ગામની જમાબંધી માફ કરી. જાનબાઈનાં સદગત થયા પછી ત્યાં દહેરૂ બાંધેલું. જે આજે દેરડી ગામ (જાનબાઈ ની દેરડી) માં છે.[2] બાબાજી એ જામનગરમાં એટલી અકરી વસુલાત કરી કે જામ જસાજી કર્નલ વોકર ને લખેલાં પત્રમાં "બાબાજી એ પાછળ કાંઈ મૂકયું નથી."

બાબાજી દીવાનનાં જુલ્મોથી સન્નાટો છવાઈ ગયો હતો. ગાયકવાડની જુલ્મી સવારીઓ સામે કાયર થઈ ઇ.સ. ૧૮૦૩ ચિતલનાં કાઠી તાલુકદારો, જોડિયાનાં દરબાર અને મોરબી ઠાકોર કર્નલ વોકર નાં જાસુસી મૌલવી મહંમદ અલી ને મળ્યાં સૌરાષ્ટ્રની પરિસ્થિતિ વિશે ખ્યાલ આપ્યો.

[2] કાઠિયાવાડ સર્વ સંગ્રહ . પૃ ૨૮૨

કર્નલ વોકરે ઇ.સ. ૧૮૦૪ જાન્યુઆરી ૨૩ તારીખે સૌરાષ્ટ્ર સ્વાધીન કરવા સરકારનો હુકમ માંગ્યો. મુંબઈ સરકારનાં સેક્રેટરી મી. જે. એ. ગ્રાંન્ટે તેને ૧૮૦૪ ૨૨ ફેબ્રુઆરી પત્ર લખી (૭) સૌરાષ્ટ્ર સ્વાધીન કરતાં પહેલાં રાજાઓનાં હક્કો વગેરે જાણાવવા તેમજ કંપની સરકાર માત્ર પૈસાની લાલચો રાજાઓને આશ્રયમાં નથી લેતી તેનું ભાન રાજાઓ ને કરાવવા લખ્યું. જોડીયાનાં ખવાસ સગરામે કંપની ને 'ઘણો નફો થશે' તેમ લખેલું તેથી ગ્રાંટે તે ચોખવટ કરેલી.

કર્નલ વોકરો ઈ.સ. 1807 માં રાજાઓ તથા તાલુકદારોને એક પત્ર પાઠવી ધ્રુંટુ ગામે પ્રશ્નોની ચર્ચા કરવા બોલાવ્યા. સર્વ રાજાઓ સંમત થયાં. ધ્રુંટુમાં ચર્ચા-વિચારણા થઈ. 1807નાં વર્ષથી તેમની ખંડણીની રકમ કરાવી આપી.

બ્રિટીશ કપની તથા ગાયકવાડ સરકાર તરફથી સૌરાષ્ટ્રનાં ૨૯ મહત્વનાં તાલુકદારો (રાજાઓ) ને પત્ર લખવામાં આવ્યાં હતાં જે બ્રિતીશ સરકાર વતી વિઠ્ઠલરાવ દેવાજીએ અને કર્નલ વોકરે લખ્યાં હતાં. ત્યારબાદ થયેલાં વોકર કરાર થી સૌરાષ્ટ્રમાંથી મુલકગીરી પધ્ધતિ નાબૂદ થઈ (૮) તા. 15 મે ૧૮૦૮ કુલ ૧૫૩ જેટલાં ખંડિયા રાજાઓ સાથે સમાધાન કરાયું. જે કરારનો સંપુટ "વોકર કરાર" તરીકે ઓળખાયો. આ કરાથી ખંડ્ણીની કૂલ રકમ રૂ. ૯,૭૯,૮૮૨ ની થઇ હતી.

1812 જામનગર મોડપર ઘેરાનો પ્રસંગ બન્યો. આરબ સિપાહી એ અંગ્રેજ અધિકારીનું ખૂન કરી નાંખતા આરબનો કબ્જો જામ સાહેબે સોંપવા ના કહી. ત્યારે કર્નલ કનાર્ક સાથે વિઠ્ઠલરાવ દેવાજી, ફતેહસિંહરાવ ગાયકવાડ ગંગાધર શાસ્ત્રી, મીર સાહેબ સરફરાઝ અલી પણ પોત- પોતાનાં સૈન્ય સાથે લઈ આવ્યા. જામસાહેબે શરણાગતનું બોલદાન આપવાની રક્ષણ કરવા પોતે પોતાનું બલિદાન આપવાની તૈયારી બતાવી. અંતે રૂગનાથજી દીવાને દરજ્યાગીરીથી સુંધી કરાવી.

1803 માં વોકરે કંડોરણા ઘેરો ઘાલ્યો ત્યારે પણ વિઠ્ઠલરાવ તેની સાથે જ હતાં. વિઠ્ઠલરાવ મહાન સરદાર હતાં. જુનાગઢ બહારનાં તેનાં સૈન્યોને જોરતલબી વસુલવા કે કોઈ અન્ય કારણે રાજ્યો પર ન લઈ જવા એવો વોકર, દીવાન રાણછોડ, જામસાહેબ વચ્ચે કરાર થયો. જૂનાગઢની જોરતલબી બ્રિટીશ સતા વસુલ કરીને આપી દે તેવી ગોઠવણ કરવામાં આળી. જામસાહેબે ૧૦. વર્ષ સુધી પ્રતિવર્ષ ૧ લાખ કોરી અપવા તથા કચ્છની ૧૩ લાખ ની લેણી કોરી ભરી દેવા કબૂલ કર્યું.

દરમ્યાન જૂનાગઢનાં નવાબ ૧૮૧૧માં હમીદ ખાન ૩૬ વર્ષ રાજય ભોગવી, ૧૮૧૪માં જામ જસાજી ૪૭ વર્ષે રાજય કરી અપુત્ર અને 1816 ભાવનગર વખતસિંહ ત્રણેય ગૂજરી જતાં પાંચવર્ષમાં ગાળામાં કર્નલ વોકરનો માર્ગ મોકળો થયો.

૧૮૧૨માં જામસતાજી પાસેથી મોરી ખંડણી લઈ ફતેસિંહરાવ ગાયકવાડ જુનાગઢ આવતાં નવાબપુત્ર પાસે નજરાણું માંગેલું. લડતનો આરંભ થઈ જતાં ગંગાધરશાસ્ત્રી ગાયકવાડ મંત્રીએ તેને અંગ્રેજો- ગાયકવાડ સાથે મેત્રી કરવા સમજાવ્યાં. વિઠ્ઠલરાવ દેવાજી ની પુત્રીનાં લગ્નમાં આમંત્રણ આપી ત્યાં આવવા સમજાવ્યાં. અમરેલીમાં જુનાગઢ અંગે ગાયકવાડ, કંપની સાથે સંબંધોનો નિર્ણય કરવા વચન આપ્યું.

પરંતુ, નિર્બળ નવાબે કાનભંભેરણી થી વિઠ્ઠલરાવ દેવાજીને લખી મોકલેલું કે અમે વાટાઘાટો કરીશું નહિ. તમારે વાટાઘાટો કરવો છે. અમારે નહિ. અને ગાયકવાડનાં અધિકારી જુનાગઠ આવી રાજમાતા ને મળ્યાં. જુનાગઢ માં રૂઘનાથજી ની વાટાઘાટોની શરતોને ન સ્વિકારાતાં રૂઘનાથજી એ રાજીનામું આપી દીધું. વિઠ્ઠલરાવે દરબારીઓને લાંચ-રૂશ્વત આપી કોડીનાર, અમરેલી પરગણાંનો નવાબનો હક્ક પોતાનાં નામે રાજમાતા પાસે લખાવી લીધો. (૧૦)

1818 માં પેશ્વાઈનો અંત આવ્યો. વિશાળ રાજયનાં અંગ્રેજો માલીક બન્યાં. સૌરાષ્ટ્રની અનેકવાર લૂંટ કરવા છતાં વડોદરા કરજવાન રહ્યું.

વડોદરાનો રેસિડેન્ટ સૌરાષ્ટ્રનાં કામને પહોંચી ન શકતો તેટલું કામ વધી જતાં સૌરાષ્ટ્રમાં પોલિટીકલ એજન્ટની જગ્યા કરી. તેનાં પર ૧૮૨૦ માં કેપ્ટન બાર્નવેલ નામનાં અમલદારની નિમણૂંક કરી. ગાયકવાડ પાસેથી ખંડણી વસૂલ કરવાનું કામ લેવાઈ ગયું. જુનાગઢે જોરતલબી વસૂલવા કંપનીને કબૂલાત આપી. ૧૮૨૦માં રાજકોટમાં કોઠી સ્થપાતાં સૌરાષ્ટ્રમાં સુખ, શાંતિ અને સમૃધ્ધિની ઉષા પ્રગટી. (૧૧)

કર્નલ વોકરે [૧૧-૭-૧૮૦૨ થી ૧૧-૧-૧૮૦૯] વડોદરામાં રેસિડેન્ટ તરીકે મહત્વની કામગીરી બજાવી હતી. સૌરાષ્ટ્રમાં તે ૧૮૦૯ સુધી રહયા ત્યાં સુધી વિઠ્ઠલરાવ દેવાજી એ તેની સાથે રહી મહત્વનો ભાગ ભજવ્યો. તેણે દામનગર, કોડીનાર, શિયાનગર, ભીમકટ્ટા વગેરે ગામો પોતનાં કબજામાં લીધાં. વોકરે વિઠ્ઠલરાવને સાચી સતા આપી હતી. તેને હિસાબો ફરીથી સુધારવાની, નવાં અને કુશળ વહિવટકર્તા અમતદારો નીમવાની સૂચના આપી. ઉપરાંત અગાઉમાં નાણાંકીય ગોરાળાંઓ માટે તપાસ કરાવવાની અને ન્યાયકીયપંચ નીમવાની પણ

સુચના આપી હતી (૧૨). આમાનાં ઘણાં સુધારાઓ માં અમલમાં પણ મૂકવામાં આવ્યાં હતાં.

વિઠ્ઠલરાવને ૨૬ ગામોનો 'દામનગર- મહાલ' ભાવનગરનાં કેટલાંક ગામોનો બધો 'વેરો' અને અડધી 'વજે' મળેલી. શિયાનગર અને અન્ય ૮ ગામોનો 'શિયાનગર મહાલ' માં સમાવેશ કર્યો. ધારી તાલુકો, જેનાં સરસીયા સહિત ૧૩ ગામો (૧૮૦૬-૦૭) દલખાણિયાનો આખો ગરાસ (૧૬૧૧ – ૧૨) ધાંતરવર. પરગણાં નાં કાઠીઓએ (૧૮૧૧-૧૩) માં ૭૮ ગામો ગાયકવાડને આપેલાં જેમાં જેતપુરનાં ૯ ગામો જોડી દેવાયાં. અમરેલીનો જેતપૂરનાં ૨૪ ગામો પર 'ચોથ' ઉઘરાવવાનો હક્ક હતો. જે ૯ જોડી દેવાયા તે અમરેલીનાં સતાવાળાં ઓએ પગપેસારો કરી પડાવી લીધાં હતાં. નવમાંનાં ૨ ગામ જુનાગઢ નવાબે ગંગાધરશાસ્ત્રી અને વિઠુલરાવ દેવાજીને વશપરંપરાગત આપેલાં. જેને મહાલમાં ભેળવી દીધાં. ચાલાળાનાં ૬ ગામોનો ગીરો હક્ક વિઠ્ઠલરાવે જામ પાસેથી ખરીદી ચાલાળાને ધારી મહાલમાં જોડી દીધું.

વિઠ્ઠલરાવે અમરોલી મુખ્ય મથક રાખેલું. એની મદદમાં અંગ્રેજ રેસિડેન્ટનો એક મદદનીશ ત્યા રાખવામાં આવ્યો. એ બંનેની કામગીરીમાં પેશ્વા-ગાયકવાડ ની ખંડણી ઉઘરાવવી, શાંતિ- સુલેહ જાળવવી, બંદોબસ્ત જાળવી રાખવો. ગાદી વારસાની તકરાર બાબત માં નિવેડો લાવવો. ઝઘડતાં સ્થાનીક રજવાડાંઓ વચ્ચે દરમિયાનગીરી કરવી, પરહદમાં પકડાયેલાં ગુનેગારોને શિક્ષા કરવી વગેરે નો સમાવેરા થતો હતો. ૧૮૧૨-૧૩માં ભારે દુષ્કાળ સૌરાષ્ટ્રમાં પડેલો. ઠેર. ઠેર બંડ થયા. પણ તે બ્રિટીશ ફોજ ની મદદથી દબાવળ દેવાયા. દીવાનપદે વિઠ્ઠલરાવે શાંતિ સ્થાપવામાં મહત્વનું યોગદાન આપેલું.

૧૮૧૮ થી અંગ્રેજ સતા સર્વોપરી બની. પિતા બાબાજી આપાજી નુ અવસળ નવેમ્બર ૨૮ નાં ૧૮૧૦ માં થતાં પુત્ર વિઠ્ઠલરાવને 'ખાસગીવાલા' પદ મળેલું. બે વર્ષ સુધી મંત્રી પદ પર રહી ત્યાં ગંગાધરશાસ્ત્રી ને ૧૮૧૩માં મુંબઈની અંગ્રેજ સતા તરફથી મુગલિકા તરીકે નીમતી સનદ મળી અને વાર્ષિક ૬૦,૦૦૦ પગાર આપવાનું ઠરાવી અપાતાં (૧૩) વિઠ્ઠલરાવે અમરેલીનાં વહિવટમાં પોતાનું ધ્યાન આપેલું.

**વિઠ્ઠલરાવ અને અમરેલી: -**

કાઠીયાવાડી દીવાન વિઠ્ઠલરાવનાં શાસન માં અમરેલીની અમરવેલ સોળે કળાએ ખીલી ઊઠી હતી. પોતાનાં બુધ્ધિબળનાં પ્રભાવથી સામાન્ય સંત્રી માંથ ગાયકવાડ સલ્તનતનાં મહામંત્રી બની ને રહ્યાં.

ગાયકવાડ સરકારનાં આદેશથી કાઠિયાવાડનાં કાઠી રાજ્યોને કાબૂમાં રાખવા મરાઠા ઓની મોટી સેના લઈ વિઠ્ઠલરાવ આવ્યા ત્યારે પોતાની સત્તાની ધાક બેસાડવા અમરેલી નાં પાદરમાં ૧૮ જેટલાં ચમ્મરબંધીઓને એકજ સાથે ઉભા રાખી તોપ ને ગોળે ઉડાડી દીધાં હતાં. કેટલાંક જુલ્મીઓને જાહેરમાં ફાંસીનાં માંચડે લટકાવી દીધાં અને હાથી જેવા મદાન્ધ માંધાતાઓને હાર્થીનાં પગે છૂંદાવી નાખ્યાં.

આથી પ્રજામાં સર્વત્ર શાંત નું સામ્રાજ્ય છવાઈ ગયું હતું. જાણે રામરાજ્ય આવ્યું હોય. વિઠ્ઠલનાં વ્યકિતત્વથી દેશી રજવાડા અંજાઇ ગયા. અંગ્રેજ સલતનત ની મિત્રતાથી, પોતાની બુધ્ધિથી, બળથી, રજવાડાં ઓનાં અંદરો-અંદરનાં કુસંપો, કજીયાઓનું તેણે સમાધાન કરાવ્યું. તેથી આ પ્રદેશનાં રાજકાકારણમાં 'વિઠ્ઠોબાપાર' તરીકે તેઓ ગુજાવા લાગ્યાં[3] તેણે અમરેલીને પ્રથમ પ્રાંતનો દરજ્જો આપ્યો. સ્થિર અને સ્વચ્છ વહિવટ સ્થાપ્યો. ખેતી, વેપારમાં પ્રજાને નિર્ભય બનાવી પ્રજાનો વિશ્વાસ સંપાદન કર્યો. જાનમાલમાં રક્ષણ માટે બંદોબસ્ત ગોઠવ્યો. ૧૮૦૨ થી ૧૮૨૦ કુશળતાથી વહિવટ ચલાવીને ભિયાનક ભૂતકાળ ભૂલાવી દીધો.(૧૪)

કર્નલ વોકરની યાદમાં અમરેલીમાં ૧૮૮૦માં 'વોકર લાયબ્રેરી' સ્થપાઈ. જે આજે સરકારી જીલ્લા પુસ્તકાલયથી ઓળખાય છે. રાજસ્થાનનો ઇતિહાસ લખનાર ટોડ ૧૮૨૧માં સૌરાષ્ટ્રમાં આવેલાં ત્યારે તેણે અગાઉ અમરેલી આવ્યા ત્યારનું વર્ણન કરતાં લખ્યું છેકે "અહીં લૂંટારૂ ટોળકી ઓનાં ઘોડાનાં ડાબલા ઓનો અવાજ આવતો હતો. ત્યાં સુખાકારી જોઈ હું આશ્ચર્ય અનુભવું છું.(૧૫)

અમરેલી જિલ્લામાં મુલક વધારમાર અને તેનો વિસ્તાર કરનાર દીવાન વિઠ્ઠોબા [અમરેલીમા વિઠ્ઠલરાવ વિઠ્ઠોબા તરીકે ઓળખાતાં] નું નામ સર્વે ઇતિહાસકારોએ નોંધ્યું છે.

ગરીબ વિઠ્ઠુમાંથી અમરેલીમાં દીવાન બનનાર શ્રી વિઠ્ઠલરાવનો સૌરાષ્ટ્રમાં ભારે ડંકો વાગ્યો. હાથીની સવારી પર ચોથ ખંડણી ઉઘરાવવા જતો. દરેક રાજવી વિઠ્ઠલરાવનું સ્વાગત કરતો. પેશકદમી પ્રેમથી ધરતો અને ગાયકવાડ ને માન આપે એનાથીં અદકું માન આપતો. સૌરાષ્ટ્ર અમરેલી પંથકની રોનક શ્રી વિઠ્ઠલરાવ દીવાને બદાલી નાખી. એનાં વખતમાં ચોરી લુટ કે માથા ભારે તત્વોનું નામ ન હતું. જ્યારે બીજાં રજવાડાં ઓમાં ખેડુતો પર ભારે વેઠ અને ત્રાસ હતાં ત્યારે કેટલાંક ખડૂતો અમરેલી પંથકમાં આવીને વસ્યાં. દીવાનજી એ સૌને

[3] અમરેલી સૌરાષ્ટ્ર ની મધ્યનું, વ્યૂહાત્મક ઉપયોગી થાણું હોવાથી કાઠી, સૈયદ, જુનાગઢ નવાબો વચ્ચે ગિરાસની ખેંચતાણ અમરેલીમાં વર્ષો સુધી હતી. જેમા પ્રજા પિસાઇ રહી હતી. લૂંટફાટ, ત્રાસ, વગેરેથી વિઠ્ઠલરાવે પ્રજને બચાવી શાંતિનું સામ્રાજ્ય ઊભું કર્યુ.

પ્રેમથ આવકાર્યા. જેમાં જેતપુર નજીક દેવકી ગાલોવનાં સંતશ્રી ભોજલરામે પણ ૨૫ વર્ષ પછી અમરેલી નજીક ચક્કરગઢમાં ધૂણી ધખાવિ. (૧૬)

વિઠ્ઠ ગરીબ હતો પણ ત્યાર ની કોઈની મદદની યાદ ભૂલતો નહિં ગાયકવાડનો સામાન્ય નોકર હતો. ત્યારે એકદિવસ ઘરે મહેમાન આવતાં પત્ની દમયંતીએ તેને વસ્તુઓ લાવવા જ્યાં ખાતુ ચાલતું ત્યાં મોકલેલો. ત્યારે અગાઉનાં ૨૦ રૂ. લેણાં નિકળતાં હતાં તે આપીને જ અન્ય વસ્તુ લઇ  જવા વેપારી નો આગ્રહ હતો. રકજક કરી પગાર થયે લેણુ જમા કરી દેવા જણાવવા છતાં વેપારી ન માન્યો. ત્યારે પરદેશી જેવાં અજાણ્યા ભાઈ ચોટીલા ગામનાં રેશમિયામાં રહેતાં કેશરદાન કાછેલા એ (ચારણ) ૨૦ રૂ. આપી દીધા. ઊંટોનો વેપાર-વણજ કરવા ખંભાત સુધી તે આવ-જા કરતો. તેનો આભાર માનનો વિઠ્ઠ ઘરે પહોંચ્યો. વર્ષો બાદ એક સમયે ચોથ ઉઘરવવા

ચોટીલા વિઠ્ઠલરાવ જતા ત્યારે ગામનું નામ સાંભળીને દમયંતીને ખરાં સમયે મદદકરનાર કેશરદાન કાછેલો યાદ આવ્યો. તેને માન સહિત બોલાવી વિઠ્ઠલરાવે તેને ભેટીને સુવર્ણ સિંહાસને બેસાડેલો. જે જોઇએ તે માંગવા કહ્યુ ત્યારે છેવટે આનાકાની બાદ બાબરા નજીક કનકાઇ નદીનાં કાંઠે “પાનસડા” અને ‘ગરણી' ગામો ની માંગણી સ્વિકારી તાંબાનાં પતરે લખી દીધા. (૧૭) જયાં આજે પણ કેશરદાનનાં વંશજો વસે છે.

શ્રી વિઠ્ઠલરાવ દીવાન ની વાત સાંભળી કહેવાતું કે તેની સાથે કોઈ ખુરશી પર પણ બેસી શકતું નહિં જેની નોંધ વિનાયક નંદશંકર મહેતાએ એમનાં ‘નંદશંકર - જીવન ચરિત્ર' માં લીધી છે. તેનાં પરથી ખ્યાલ આવે છે કે તે કેવો શુરવીર અને જાજવલ્માન હશે.

સ્વાભાવે ગરમ પણ હતો. સાવલિયા શાખાનાં પટેલ શ્રી. ભોજલરામ ઉચ્ચકોટિનાં સંત હતાં. તેનાં ચમત્કારો જોઈ તેને જેલમાં પુર્યા. ભોજલરામે ૧૫ દિવસ ખાધાં પીધાં વિના ઊઠ્યાં વિના બેસી ઈશ્વર ભજન કરતાં. તેનાં પ્રત્યક્ષ પરચાંથી ઈશ્વરી પ્રેરણાથી તે તેનો પરમ શિષ્ય બની ગયો. તે વખતે ભોજા ભગતે ૧૫૦ જેટલાં ભક્તિ રૂપી ચાબખાં દીવાનને સંભળાવેલાં ત્યારબાદ તે અવાવવાર સંત ને સાંભળવા જતો. દરમ્યાન તેણે વીરપુરનાં જલારામ અને ગારિયાધારનાં વાલમરામને શિષ્યભાવે કામ કરતાં જોયાં હતાં. (૧૮) ત્યારબાદ તેનાં જીવનમાં પરિવર્તન આવતાં તે આધ્યાત્મિક જીવન તરફ વળ્યાં.

અમરેલીમાં નાગથાન મંદિરનું ઇંડુ કોઈનાં હાથે ચડતું નહિં ત્યારે ધર્મગુર શ્રી ભોજલરામને તેડાવેલા. તેનો હાથ અડતાં ઇંડુ સ્થિર બનેલું. જે મંદિર હાલ પણ ત્યાં છે. જ્યાં દિવાનનાં વંશ-વારસો આજસુધી આવતાં રહ્યાં છે.

સંત ભોજલરામને દીવાને પૂરેલાં ત્યારે સંતે ચાબખો કહેલો 'માટી ભેળી માટી મળશે, કર્યા ભોગવવા પડશે.'

સ્વાભિમાની વિઠ્ઠલને સયાજીરાવ બીજાએ (૧૮૧૯-૧૮૪૦) વડોદરા તેડાવ્યા ત્યારે કોઈએ રસ્તામાં માહિતી આપી કે તેને મારી નાંખવામાં છે. તે સાંભળીને વિઠ્ઠલે વડોદરાથી થોડે દૂર ઝેર પી આપઘાત કરેલો. ત્યારે ભોજલરામનો ચાબખો સાચો પડ્યો ગણાય.

જુનાગઢમાં વંથલી મહાલનાં ઇશાન ભાગે કોયલી ગામ છે. જ્યાં તરણેતરનો પ્રસિધ્ધ મઠ છે. દુષ્કાળમાં મઠનાં (૧૮૧૩) મહંતો અને ગરીબોને અન્ન પૂરૂં પાડેલું. મઠમાં શિવજીનું (ત્રિનેત્રનું) મંદિર છે. તેનું અપભ્રંશનામ તરણેતર પડયું. ઈ.સ. ૧૮૧૧ માં ગાયકવાડનાં દીવાન વિઠ્ઠલરાવ દેવાજી એ તેને સમરાવ્યું હતું (૧૯)

આ ઉપરાંત સોમનાથનાં મંદિરની આસપાસ ધર્મશાળા નગરખાનાં વગેરે ઇ.સ. ૧૮૧૦માં ગાયકવાડ સરકાર વતી વિઠ્ઠલરાવ દેવાજીએ બંધાવેલાં.(૨૦)

'અમરેલી મહાલ' વિસ્તાર વધારી ત્યાં સારી વ્યવસ્થા સ્થાપનાર દીવાલ તરીકે વિઠ્ઠલરાવ દેવાજીનું મોખરે છે. અહીં તેની ઇ.સ. ૧૮૨૦ સુધી તાબેદારી ચાલુ રહેલી. તેની સુબાગીરી પૂરી થયા બાદ તેનાં ભાઈને દીવાનપદ મળ્યું. (૨૧) વિઠ્ઠલરાવે અનેક મંદિરો, કચેરીઓ, બજારો નહેરો વગેરે ઘણાં લોક-ઉપયોગી કામો કરાવ્યા હતાં. એનાં જ સમયમાં નાના-બક્ષી નામના એકે ગૃહસ્થે સરકારી કચેરીઓ પાસે હાલમાં જે બક્ષીકુવો છે તે બંધાવેલો. (૨૨)

એક મહાન મુત્સદી જેનાં નામથી સૌરાષ્ટ્રનાં રાજવીઓ નમી પડતાં તેવાં વિઠ્ઠલરાવ દેવાજી દીવાનનો વૃત્તાંત સૌરાષ્ટ્રમાં ગાયકવાડી શાસનની યાદ અપાવે છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

## સંદર્ભ સૂચિ

1) લેલે, ભા. ચી. અને ભાટે, ભા. કા. વડોદરા રાજ્યનો ઇતિહાસ. પૃ ૧૫.
2) સંપા. પરીખ ર. છો. અને શાસ્ત્રી હ.'ગુજરાત નો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ - ગ્રંથ-૭ [મરાઠાકાલ] ભો જે વિદ્યાભવન અમદાવાદ – પૃ ૪૮.
3) લેલે અને ભાટે. શ્રીમંત ગાયકવાડ સરકાર" - પૃ.૧૬
4) ભટ્ટ. દે વૃ. 'શહોરની હકીકત' પૃ. ૫૮.
5) જાની એસ. વી. 'સૌરાષ્ટ્રનો ઇતિહાસ' પૃ ૯૮.
6) શાહ અ.ગો. 'ભારત રાજ્ય મંડળ' ભાગ-૨ પૃ. ૨૪૮,૨૪૯.
7) દેસાઇ શં. હ. 'સૌરાષ્ટ્રનો ઇતિહાસ' પૃ ૬૮૫.
8) છત્રપતિ ભ.સં. (અનુ.) રેકેર્ડ ઑફ બોમમ્બે ગવર્નમેન્ટ વૉલ્યૂમ- ૩૯, ભાગ-૧ મુંબઈ (૧૮૭૦) પૃ. ૨૮૮
9) પરીખ ર.ગો. સૌરાષ્ટ્રમાં મરાઠા સતા" લેખ. 'પથિક' (માસીક) વર્ષ-૧૦ અંક ૯૯ પૃ ૭૩।૭૪.
10) દેસાઈ ગો. હા.'ગુજરાતનો અર્વાચીન ઇતિહાસ' પૃ ૩૬૦.
11) પૂર્વોકત 'સૌરાષ્ટ્રનો ઇતિહાસ' (દેસાઇ) પૃ ૬૯૨.
12) જાની એસ.વી. લેખ, "સૌરાષ્ટ્રની રાજકીય પરિસ્થિતિ અને વોકર કરાર વિદ્યાપીઠ" (જુલાઇ ઓગસ્ટ) ૧૯૮૬ પૃ ૩૮.
13) સંપા ર. છો. પરીખ, પૂર્વોકતગ્રંથ પૃ ૧૪૬
14) એજા, પૃ ૧૪૮
15) સોરઠિયા ગો જી. 'અમરેલી ઇતિહાસની અટારીએથી' પૃ.૩૫
16) મનસુખ સ્વામીનોલેખ 'પર્થિક' - ૧૯૮૮ ઓકટો. નવે. પૃ.૩.
17) એજન પૃ.૩૧.
18) એજન પૃ.૩૨.
19) સંપા. ખાચર પ્ર. ભ. 'કાડિયાવાડ સર્વસંગ્રહ' પૃ ૨૧૯.
20) પૂર્વોકત 'સૌરાષ્ટ્રનો ઇતિહાસ' (શંભુપ્રસાદ) પૃ ૬૫૬.
21) પૂર્વોકત, 'કાઠિયાવાડ સર્વસંગ્રહ' - પૃ ૧૮૮.